# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-09-2024** **Morning : 7.10 to 7.20**
**Day: Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1) રાજ્ય સરકારે મોડી રાત સુધી ગરબા રમવાની છુટછાટ આપી. - જોકે, રાત્રિનાં 12 વાગ્યા સુધી જ લાઉડસ્પીકર ચાલુ રાખી શકાશે.
2) આજે વિશ્વ હ્યદય રોગ દિવસ છે - 108 ઇમરજન્સી સેવાને રાજ્યમાં ચાલુ વર્ષે હ્રદય રોગની બીમારીના અંદાજિત 52 હજાર આપાતકાલીન કોલ મળ્યા.
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે.
4) જામનગર નેશનલ હાઇવે પર ગમખ્વાર અકસ્માતમાં સાતનાં મૃત્યુ. - 14 લોકોને ઇજા
5) છેલ્લાં 24 કલાકમાં 164 તાલુકાઓમાં હળવોથી મધ્યમ વરસાદ. - આજે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રનાં કેટલાંક જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી.

-----------------------------------------------------------------------------------------

# AHMEDABAD NAVRATRI

નવરાત્રિ શરૂ થવાને આડે ગણતરીનાં દિવસો બાકી રહ્યા છે ત્યારે રાજ્ય સરકારે મોડી રાત સુધી ગરબા રમવાની છુટછાટ આપી છે.જો કે મોડાં સુધી ગરબા ચાલુ રાખવાથી નજીકની હોસ્પિટલ કે કોઈ નાગરિકને તકલીફ ન પડે તેનું ધ્યાન રાખવા તાકીક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સત્તાવાળાઓ દ્વાર નવરાત્રિ દરમિયાન સામાન્ય રીતે 12 વાગ્યા સુધી જ ગરબા રમવાની મંજૂરી આપવામાં આવતી હોય છે.

અમદાવાદ પોલીસે ગઈકાલે નવરાત્રિ દરમિયાન લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે જાહેરનામું બહાર પાડ્યું છે, તે અનુસાર શહેર પોલીસે 3 ઓક્ટોબરથી 11 ઑક્ટોબર સુધી એટલે કે નવરાત્રીના નવ દિવસ દરમિયાન રાત્રે 10 વાગ્યાથી 12 વાગ્યા સુધીમાં માઇક અને લાઉડ સ્પીકર સિસ્ટમ, સ્પીકર, પબ્લિક એડ્રેસ સિસ્ટમનો ઉપયોગ કરવાની મંજૂરી આપી છે. જોકે રાત્રીના 12 વાગ્યા બાદ માઇક કે લાઉડસ્પીકર વગાડવાની મંજૂરી નથી તેમ જણાવ્યું છે.

આ જાહેરનામાનો ભંગ કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની સજા થશે અને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧)મુજબ દંડની સજા થશે.

.....................................................................................................

# WORLD HEART DAY

આજે વિશ્વ હ્યદય રોગ દિવસ છે. રાજ્યમાં ચાલુ વર્ષે અત્યાર સુધીમાં હૃદય રોગની બીમારીના અંદાજિત બાવન હજાર આપાતકાલીન કોલ 108 ઇમરજન્સી સેવાને મળ્યા છે.

ત્યારે યોગ દ્વારા હ્રદયને લગતી બીમારીઓ ઘટાડી શકાય તે માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આજે દરેક જિલ્લાઓમાં હ્રદયરોગ જાગરૂકતા માટે યોગ શિબિરનું આયોજન કરાયું છે.

ઉપરાંત ગુજરાત યોગ બોર્ડના અધ્યક્ષ યોગસેવક શીક્ષપાલના વડપણ હેઠળ રાજ્ય સ્તરીય હ્રદયરોગ જાગરૂકતા કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં હ્રદયરોગની રોકથામ અને હ્રદયને મજબતૂ બનાવવામાં મદદરૂપ થતા સરળ અને અસરકારક યોગ આસનો અને પ્રાણાયામ વિશે માર્ગદર્શન આપવામાં આવશે.

..........................................................................................

## PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કરશે. મન કી બાત કાર્યક્રમની આ 114મી કડી છે.

આજે સવારે 11 વાગ્યે હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે. આ કાર્યક્રમ આકાશવાણીના તમામ નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઑન AIR મોબાઇલ એપ પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યલય તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયના યુ-ટ્યૂબ ચેનલ પરથી પણ મન કી બાત કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે. આ ઉપરાંત આજે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

..........................................................................................

# GENIBEN SAMMAN SAMAROH

ઉત્તર ગુજરાત સમસ્ત ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરનો સન્માન સમારોહ અને સમાજ સંમેલન આજે પાટણ ખાતે પ્રગતિ મેદાનમાં યોજાશે. લોકસભા 2024ની ચૂંટણીમાં બનાસકાંઠાની બેઠક પરથી ગુજરાતમાં એકમાત્ર કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિજય મેળવવાના ઉપલક્ષ્યમાં આ કાર્યક્રમનું આયોજન કરાયું છે. અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે, આ કાર્યક્રમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના આગેવાન અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી મુકુલ વાસનિક તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શક્તિસિંહ ગોહિલ ઉપસ્થિત રહેશે.

..............................................................................................

# Jamnagar Accident

ગઈ કાલે જામનગર નેશનલ હાઈવે પર સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં સાત લોકોનાં મૃત્યુ થયા હતા અને 14ને ઇજા થઈ હતી. મૃત્યુ આંક વધે તેવી શક્યતા છે. દ્વારકા-જામનગર હાઈવે રોડ પર બરડીયા નજીક બે કાર, બસ અને બાઇક એમ ચાર વાહનો વચ્ચે ભયાનક અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઇજા પામેલાઓને સારવાર માટે દ્વારકા તેમજ ખંભાળિયા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જામનગરના સાંસદ પૂનમ માડમ તેમજ કેબિનેટ મંત્રી મુરુ બેળા હોસ્પિટલ ધસી આવ્યા હતા. આ અકસ્માત અંગે અમોલ આવતેએ વધુ માહિતી આપી.....

(ઓડિયો : અમોલ આવતે, સ્પેશિયલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ )

..............................................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટ્વીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

- ..........................................................................................

-

## Vikas vartul trust

વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર  દ્વારા આજે સમગ્ર રાજ્યમાં સામાન્ય જ્ઞાન કસોટીનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતની ૮૦૦ કરતા વધારે શાળા-કોલેજોમાં સવારે ૯થી સાડા દસ વાગ્યા દરમિયાન યોજાનારી પરિક્ષામાં  કુલ ૮૫ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓ ભાગ લેશે.

પરિક્ષામાં  સામાન્ય જ્ઞાન, કોમ્પ્યુટર, રીઝનિંગ, અંગ્રેજી-ગુજરાતી વ્યાકરણ તેમજ ગણિતના હેતુલક્ષી પ્રશ્નો પૂછાશે. આ પરીક્ષામાં ધોરણ-૫થી શરૂ કરીને કોલેજ સુધીના તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓ ભાગ લે છે. આ પરિક્ષામાં ધોરણ પ્રમાણે પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓને કુલ ચાર લાખ રુપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે.

..........................................................................................

## PHD process

રાજ્યની યુનિવર્સિટીઓમાં પીએચડીમાં પ્રવેશ માટેની કાર્યવાહી પહેલી ઓક્ટોબરથી શરૂ થશે.

વિદ્યાર્થીઓએ 1થી 10 ઓક્ટોબર સુધીમાં જીકાસ મારફતે ફોર્મ ભરવાનું રહેશે. અને તેની સાથે જ ચોઇસ ફિલિંગ, રજીસ્ટ્રેશન ફી ચૂકવીને અરજી સુપ્રત કરવાની રહેશે. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ યુનિવર્સિટીએ પોતાનાં સમયપત્રક અનુસાર ઓનલાઇન એપ્લિકેશનની ચકાસણી કરવાની રહેશે. રજીસ્ટ્રેશન વખતે વિદ્યાર્થીએ 300 રુપિયાની ફી ચૂકવવાની રહેશે. ત્યારબાદ યુનિવર્સિટી દ્વારા પ્રવેશ પરિક્ષા માટે જે ફી નક્કી કરવામાં આવે તે ચૂકવવાની રહેશે.

.....................................................................................

## Rain

સમગ્ર રાજ્યમાં છેલ્લાં 24 કલાકમાં સાર્વત્રિક વરસાદ વરસી રહ્યો છે. ગઇ કાલે સવારે છથી રાત્રિના આઠ વાગ્યા સુધીમાં 164 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સમગ્ર રાત દરમિયાન પણ રાજ્યમાં વરસાદનાં અહેવાલ છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરનાં અહેવાલ પ્રમાણે ગઈ કાલે સાંજથી સવારના ચાર વાગ્યા સુધીમાં 183 તાલુકામાં હળવો વરસાદ વરસ્યો હતો.

સૌથી વધુ પાંચ ઇંચ વરસાદ ભાવનગરના મહુવા તાલુકામાં પડ્યો હતો, જ્યારે ભાવનગરના જેસર અને ઉમરાળા, સુરતના ડોલવણ અને સાબરકાંઠાના તલોદ તાલુકામાં અઢી ઇંચ વરસાદ પડ્યો હતો. પ્રાંતિજ, કોટડા સાંગાણી, મોડાસા, બાલાસિનોર, ખેડબ્રહ્મા, ચોટીલા, ઉપલેટા, મોરવા હડફ, કરજણ, સુબીર, સાણંદ, સાયલા, ઉમરેઠ, આણંદ, ઝાલોદ, સંતરામપુર, બોડેલી તાલુકામાં અડધો-અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. અમારા બોટાદ જિલ્લાના પ્રતિનિધી પ્રકાશ ભીમાણી જણાવે છે કે, ગઇકાલે ભારે ગાજવીજ અને વીજળીના કડાકા ભડાકા સાથે બોટાદ, બરવાળા અને ગઢડા પંથકમાં વરસાદ પડ્યો હતો.

બોટાદ શહેર તેમજ તાલુકાના સમઢીયાળા, શેરથળી, પાળીયાદ ગોરડકા અને બરવાળા શહેર તેમજ તાલુકાના સાળંગપુર, ખાંભડા, બેલા, ટીંબલા, કુંડળ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. પાછોતરા વરસાદથી કપાસ, તલ, જુવાર જેવા પાકોને નુકસાન જવાની ભીતિ છે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, ગોહિલવાડ પંથકમાં ગઈ કાલે બપોર બાદ ફરી વરસાદી માહોલ સર્જાયો હતો. જિલ્લાના મહુવા પંથકમાં ચાર કલાકમાં સાડા ચાર ઇંચ જેટલો વરસાદ પડ્યો હતો. જિલ્લાના જેસરમાં અઢી ઇંચ અને પાલીતાણામાં સાંજે પોણા ઇંચ વરસાદ પડ્યો હતો.

હવામાન વિભાગે આજે દક્ષિણ ગુજરાતનાં નર્મદા, સુરત અને તાપી તથા સૌરાષ્ટ્રનાં અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. સપાટી પર પવનની ગતિ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાક રહેશે.

..................................................................................................